ફૂલછોડને પાણી છાંટવા ઉભા રખાયેલા ટેન્કર પાછળ બાઈક ઘુસી જતાં એકનું મૃત્યુ

ગાંધીનગર-કોબા હાઈવે પર હાઈ સ્પીડ બાઈક પર નીકળેલા યુવાનનુ બાઈક શાહપુર સર્કલ પાસે ઉભેલા ટેન્કરમાં ઘુસી જતા ગંભીર અકસ્માત સર્જાયો : અમદાવાદના બાઇકચાલક યુવાનનું મૃત્યુ : હેલમેટ પણ ક્રેક થઈ જતા માથે ગંભીર ઈજાઓ થઈ હતી

પાટનગરમાં આગામી સપ્તાહે યોજાનાર વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર શહેર ઉપરાંત એરપોર્ટ રોડ પર પણ સુશોભન માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગર કોબા રોડ પરના સેન્ટ્રલ વિસ્તારમાં સુશોભન માટે ફૂલ છોડ વાવવામાં આવ્યા છે. આ ફૂલછોડમાં પાણી છંટકાવ કરવા માટે તંત્રનું એક ટેન્કર પાણી છાંટવા ઊભું હતું કે દરમ્યાન ગઈકાલે હાઈ સ્પીડ બાઈક પર નીકળેલા અમદાવાદના યુવાનનું બાઈક શાહપુર સર્કલ નજીક ઉભેલા ટેન્કરની પાછળ ધડાકાભેર ઘૂસી ગયું હતું. આ ગંભીર અકસ્માતમાં બાઈકચાલક યુવકે પહેરેલું હેલમેટ પણ ક્રેક થઈ ગયું હતું અને પોતે ગંભીર રીતે ઘવાતા લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મૃત્યુ નીપજયું હતું. ઈન્ફોસિટી પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ધોળાકુવા ગામ પાસે

શાહપુર સર્કલ તરફ જતા રોડ પર ગઈ કાલે ટેન્કર પાછળ બાઈક ઘૂસી જતા અમદાવાદનાં યુવાનનું મૃત્યુ નિપજ્યુ હતુ. ઈન્દ્રોડા સર્કલથી શાહપુર સર્કલ તરફ જતા રોડ પર આવેલી એપોલો ફાર્મસી શો રૂમ સામે ગઈ કાલે અકસ્માતની ઘટના બની હતી. બપોરે ગુજરાત રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ટેન્કરનો ચાલક સેન્ટ્રલ વર્જને અડીને ટેન્કર ઉભુ રાખીને ફુલછોડને પાણી છાંટી રહ્યો હતો. ત્યારે ધડકાભેર કેટીએમ કંપનીનું ૨૦૦ સીસીનું જીજે-૦૧-યુએ-૮૨૨૮ નંબરનું બાઈક તેમાં ઘૂસી ગયું હતું. બાઈક લઈને નીકળેલો કુબેરનગરના હરનામદાસ સોસાયટીમાં રહેતો ૧૮ વર્ષિય યુવાન દિપેશ સુનીલકુમાર નનવાણી આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. અર્ધબેભાન હાલતમાં આ યુવાન રોડ પર પડ્યો હતો ત્યારે તેના નાક અને કાનમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. જેને પગલે દોડી આવેલા રાહદારીઓ પૈકી એક કાર ચાલક પોતાની કારમાં આ યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માતને પગલે ટેન્કરના ચાલકની ફરિયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે આ અંગે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સેન્ટ્રલ વર્જ પર વાવેલા ફુલછોડને પાણી છાંટવા ટેન્કર ઉભુ હતુ ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ૨૦૦ સીસીના બાઈકના આગળના ભાગનો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો અને હેલમેટમાં પણ ક્રેક પડી ગઈ હતી.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ચાલ તૈયાર થઈજા, આજે વિશ્વ હિંદી દિવસની ઉજવણી કરવાની છે, આપણે હોટલમાં જઈને વેઈટર સાથે હિંદીમાં વાત કરીશું...!!

માઈનોરીટી કો ઓર્ડીનેશન કમિટી દ્વારા વાઈબ્રન્ટ સમિટનો ઉગ્ર વિરોધ કરાશે

ગાંધીનગર, તા.૧૨

માયનોરીટી કો ઓર્ડીનેશન કમિટી છેલ્લા બે વર્ષોથી લઘુમતીઓના અધિકારોને લઈને સરકાર સાથે મંત્રણા કરવાનો પ્રયત્ન કરી રહી છે. પરંતુ સરકાર વિવિધ કાર્યક્રમોમાં વ્યસ્ત છે. ભારતના બંધારણ અને આંતરરાષ્ટ્રીય સમજુતીઓનું પાલન કરવામાં જાણી જોઈને ઠગાઠેયા કરી રહી છે. ત્યારે માયનોરીટી કો ઓર્ડીનેશન કમિટીના સભ્યો દ્વારા ગુજરાત વાઈબ્રન્ટ સમિટના ઉદ્ઘાટન પ્રસંગે ઉગ્ર વિરોધ કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે. તે ઉપરાંત વાઈબ્રન્ટમાં આવતા દરેક દેશના દુતાવાસને પત્ર લખવામાં આવશે. તેમજ ગુજરાત સરકારને આંતરરાષ્ટ્રીય સમજુતીઓનુ પાલન કરવા માટે દબાણ લાવે અને જો સરકાર લઘુમતીઓને તેમના અધિકાર નહીં આપે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ પ્રસંગે ગાંધીનગર આંબેડકર હોલ ખાતે મોયનોરીટી કમિટીના સભ્ય મુજાહિદ નફીસે જણાવ્યું હતું કે ભારતના પ્રધાનમંત્રી પણ ગુજરાતના જ છે. પરંતુ દેશના બીજા રાજયોમાં જે વ્યવસ્થાઓ અને માળખા અસ્તિત્વમાં છે તેવા માળખા પણ ગુજરાતમાં નથી.તેમજ લઘુમતિઓના વિકાસ અને રક્ષણ માટે પણ કોઈ ખાસ વ્યવસ્થા નથી. ભારતના બંધારણ અને આંતરરાષ્ટ્રીય સમજુતીનું ઉલંઘન કરવામાં આવે છે. ગુજરાત સરકાર વાઈબ્રન્ટમાં પોતાની વેબસાઈટ અરબીમાં બનાવે છે પરંતુ મદરસા એજ્યુકેશનને માન્યતા આપવામાં આવતી નથી. માઈનોરીટી કમિટીની માંગણીઓમાં મુખ્યત્વે રાજયમાં લઘુમતિ કલ્યાણ મંત્રાલયની સ્થાપના કરવામાં આવે, બજેટમાં લઘુમતિઓના વિકાસ માટે અલગ બજેટની વ્યવસ્થા કરવામાં આવે, લઘુમતિ ક્ષેત્રોમાં સરકારી હાયર સેકન્ડરી શાળાઓની સ્થાપના કરવામાં આવે. મદ્રસા ડિગ્રીને ગુજરાત બોર્ડની સમકક્ષ માન્યતા આપવામાં આવે,સાંપ્રદાયીક હિંસાથી વિસ્થાપિત નાગરીકોને પુન સ્થાપન માટે નિતી બનાવવામાં આવે, પ્રધાનમંત્રીના ૧૫ સુત્રીય કાર્યક્રમનો સંપૂર્ણરૂપથી અમલ કરવામાં આવે. ત્યારે આ પડતર માંગણીઓ સત્વરે નિકાલ આવે તેવી માઈનોરીટી કમિટીના સભ્યોની લાગણી અને માંગણી છે.

ખેલો ઈન્ડિયામાં ગુજરાતના ૬ ગોલ્ડ સાથે કુલ ૧૫ મેડલ્સ

ગાંધીનગર, તા. ૧૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશભરમાં ખેલો ઈન્ડિયા યુથગેમ્સ-૨૦૧૯નું આયોજન કરાયું છે. જેમાં ગુજરાતે યશસ્વી પ્રદર્શન કરતા આજ સુધીમાં

૬ ગોલ્ડ સાથે કુલ ૧૫ મેડલ્સ જીતી લીધા છે.

ખેલો ઈન્ડિયામાં ગુજરાત વતી રમતા હીના ગોહિલે અન્ડર-૧૭ કેટેગરીની ૧૦ મીટર રાયફલ શુટિંગમાં, કલ્યાણ સકસેનાએ અન્ડર-૨૧ કેટેગરીની ૪૦૦ મીટર આઈએમ સ્વીમીંગમાં, સુહાના શેખે અન્ડર-૨૧ કેટેગરી જુડોમાં ૫૭ કિગ્રા જુથમાં, સોનલ ડોડિયાએ અન્ડર-૧૭ કેટેગરી જુડોમાં ૪૦ કિગ્રા વજન જુથમાં, અજીતકુમારે અન્ડર-૨૧ કેટેગરીમાં એથ્લેટિક્સમાં ૧૫૦૦ મીટર દોડમાં તથા ૫ હજાર મીટર દોડમાં ગોલ્ડમેડલ્સ હાંસલ કર્યા છે. આ ઉપરાંત ઈલાવેનીલે ૧૦ મીટર રાયફલ શુટિંગમાં, રૂખસાના શેખે અન્ડર-૨૧ જુડોમાં ૫૨ કિગ્રામાં, તથા અમિતા સોલંકીએ અન્ડર-૧૭ કેટેગરી એથ્લેટિક્સમાં ભાલાફેંકમાં સિલ્વર મેડલ્સ પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત રાજેશ્વરી બામણીયાએ ૫૨ કિગ્રા વજન જુથમાં જુડોમાં, દિપક કનોજીયાએ ૫૧ કિગ્રા વજનજુથમાં કુશ્તીમાં, અતુલ ગામિતે ૩ હજાર મીટર દોડમાં, કિંજલ વાઢેરે જુડો અન્ડર-૨૧માં ૪૮ કિગ્રામાં, અજય મિસ્ત્રીએ જુડોમાં અન્ડર-૨૧માં ૭૩ કિગ્રા જુથમાં અને ડિક્સી સેઈલરે અન્ડર-૧૭ જુડોમાં ૪૮ કિગ્રામાં સિલ્વર મેડલ્સ જીત્યાં છે.

વાઈબ્રન્ટ સમયે પશુઓ છુટા ન મુકવા પશુપાલકોને રબારી સમાજની અપીલ

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાજેતરમાં શહેરના માલધારી સમાજના આગેવાનો સાથે એક બેઠકનું આયોજન કરાયું હતું. ત્યારે જિલ્લા કલેકટરે શહેરના પશુપાલકોને તા. ૧૪ થી ૨૨ જાન્યુઆરી દરમિયાન પોતાના પશુઓને છુટા ન મુકવા માટે અને પશુઓ માર્ગ વચાળે ના આવે તેની ખાસ કાળજી રાખવા માટે જણાવ્યું હતું. જેને પગલે ગાંધીનગર રબારી સમાજના પ્રમુખ તેજાભાઈ દેસાઈએ તેમજ સભ્યોએ ગાંધીનગર શહેરમા વસવાટ કરતા માલધારી સમાજના સૌ ભાઈ બહેનોને ઉપરોકત જણાવ્યા મુજબની તારીખમાં પોતાના પશુઓને છુટા ન મુકવા અને માર્ગ પર ના આવે તેની તકેદારી રાખવા માટે અપીલ કરી છે. જયારે આપણા ગાંધીનગરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં સાથ સહકાર આપવા અનુરોધ કર્યો છે.

આલમપુર એ.પી.એમ.સી. ખાતે સહકારિતા દિનની ઉજવણી કરાઈ

આલમપુર એ.પી.એમ.સી. શાકમાર્કેટ સબયાર્ડના હોલમાં 'સહકારિતા દિન'ની ઉજવાઈ ગયો. ૮૦ સહકારી આગેવાનો ૧૫ સહકારી સંસ્થાઓમાંથી ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. જીતુભાઈ વ્યાસ ઉપાધ્યક્ષ રાષ્ટ્રીય સહકાર ભારતી તથા રામચંદ્ર પટેલ એ.પી.એમ.સી. ગાંધીનગર તથા અન્ય કિસાન આગેવાનોએ માર્ગદર્શન આપ્યું હતું. કિસાનોના પ્રશ્નો અંગે ઉગ્ર રજુઆત કરવા તથા ફુડ પ્રોસેસીંગ અને શાકભાજીની નિકાસ અંગે યોજનાઓનો અભ્યાસ કરી ભાવિ આયોજન અંગે વિચારણા થઈ હતી. ગાંધીનગરના સેકટરો કિસાનમાર્કેટના યુનિટો શરુ કરી ગ્રાહક અને કિસાનો વચ્ચે સીધા વેચાણની વ્યવસ્થા અંગે પૂણેમાં અમલમાં મુકાયેલ યોજનાનો અભ્યાસ કરી આગામી દિવસોમાં યોજનાના અમલીકરણ અંગે સરકાર-કોર્પોરેશન, એ.પી.એમ.સી. સાથે સંકલન બેઠક યોજવા અંગે ઠરાવો થયા.

ગાંધીનગરની યુવા દિકરી સ્વીટ્ઝરલેન્ડમાં બે વર્ષ ભારતીય સમુદાયની પ્રમુખ રહી

લેન્ડસ્કેપિંગ આર્કિટેક્ચર અંકિતા ઠાકરે સ્વીટ્ઝરલેન્ડમાં યુવા વયે પોતાની કંપની સ્થાપી

ગાંધીનગર, તા. ૧૨

"તમે જેવું વિચારો છો, તેવું જ થાય છે" આવી માન્યતા ધરાવતી ગાંધીનગરની યુવા દિકરીએ સ્વીટ્ઝરલેન્ડમાં સતત બે વર્ષ સુધી ભારતીય

સમુદાયનું સૌથી યુવાન વયે પ્રમુખરપદ શોભાવી પાટનગરનું મસ્તક ગૌરવથી ઉન્નત કર્યુ છે. ગાંધીનગરની અંકિતા ઠાકરે સ્વીટઝરલેન્ડમાં ભણીને યુવાવયે જ પોતાની કંપની શરૂ કરી માત્ર આઠ વર્ષના ટુંકાગાળામાં એટલી અપ્રિતમ લોકપ્રિયતા હાંસલ કરી છે કે 'ભારતીય સમુદાય તેણીને સંસ્થાના બંધારણમાં જોગવાઈ ના હોવા છતાં ફરી ત્રીજા વર્ષે પ્રમુખ બનાવવા તત્પર થયો છે. પરંતુ તેનો વિનમ્રતાથી ઈન્કાર કરતા અંકિતાએ ભારતીય સંસ્કૃતિને વધુને વધુ ઉજાગર કરવા કાર્યરત રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

આજે સમગ્ર રાષ્ટ્રમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે "રાષ્ટ્રીય યુવા દિવસ" તરીકે ઉજવાયો હતો અને સાથે સાથે "વિશ્વ દિકરી દિવસ"ની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરની યુવા દિકરી અંકિતા ઠાકરે જણાવ્યું હતું કે "સ્વિટઝરલેન્ડમાં ભારતીયોને સખત મહેનતુ નાગરિકો તરીકે જોવામાં આવે છે તેમજ ભારતીય સંસ્કૃતિ તથા કલાકારીગરી પ્રત્યે ભારે આકર્ષણ સ્વીસ નાગરિકો ધરાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અંકિતા ઠાકરે આર્કિટેક્ચર ક્ષેત્રે સ્નાતક થયા બાદ માસ્ટર ડિગ્રી માટે આઠ વર્ષ પહેલા સ્વીટઝરલેન્ડના ઝુરિચ ખાતે પહોંચી હતી. અહીં માસ્ટર ડિગ્રીનો અભ્યાસમાં તેણે ટોપરનું સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ પરંતુ જ્યારે નોકરી માટે તેઓ ઈન્ટરવ્યુ આપવા ગયા ત્યારે "ભારતીય હોવાને લીધે તમને વર્ક પરમીટ મેળવવાનું અઘરૂ પડશે" તેવુ ઈન્ટરવ્યુઅરે જણાવતા અંકિતાએ નોકરીના બદલે પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરવાનું વિચાર્યુ હતુ.

સ્વીટઝરલેન્ડના કાયદા અનુસાર તેમને પોતાની કંપની શરૂ કરવા ભાગીદાર રાખવો પડ્યો હતો પરંતુ થોડાક સમયમાં સ્થાનિક ભાગીદારે કંપનીમાં ચોરી કરતા છેવટે તેને છુટો કરી મહા મુસીબતે સ્થાનીક કાયદાકીય અડચણો પાર પાડીને સ્વતંત્ર રીતે કંપની સંભાળવાની મંજૂરી પ્રાપ્ત કરી છે. હાલ માત્ર ૩૨ વર્ષની વય ધરાવતી અંકિતા ઠાકર આ રીતે કંપની ચલાવનાર સૌથી યુવા ભારતીય બની હતી અને તેમના વ્યક્તિત્વ તથા કૌશલ્યને કારણે કંપનીએ ઝડપથી નામના પ્રાપ્ત કરતા "ઈન્ડિયન એસોસિએશન ઓફ ગ્રેટર ઝુરિચ"ના પ્રમુખપદે પસંદગી કરવામાં આવી હતી. સૌથી યુવાવયે પ્રમુખ બનનાર અંકિતા ઠાકરે તેમના કાર્યકાળ દરમ્યાન ઝુરિચમાં રહેતા ૪૦૦ જેટલા ભારતીય પરિવારોથી માંડીને સ્વીટઝરલેન્ડ ભારતીયો તથા પ્રવાસી ભારતીયોને પડતી મુશ્કેલીઓમાં મદદરૂપ થવાનું તેમજ સમગ્ર સ્વીસ ભારતીય સમુદાયના સંગઠનને ઘનિષ્ઠ બનાવવા વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવાની જવાબદારી સુપેરે નિભાવી હતી. આ દરમ્યાન તેમણે વિવિધ ડિપ્લોમેટિક ઉપરાંત ગરબા મહોત્સવ સહિતના ભારતીય સાંસ્કૃતિક પર્વો ઉજવ્યા હતા અને ભારતીય અને સ્વીસ દૂતાવાસ વચ્ચે કડીરૂપ બનવાનું કાર્ય કર્યુ હતુ. તેમને સતત બીજા વર્ષે પણ પ્રમુખપદ અપાવ્યુ હતુ અને કોઈપણ પ્રમુખ બે વર્ષથી વધુ પ્રમુખપદે ના રહી શકે તેવુ સંસ્થાનું બંધારણ હોવા છતાં ઈન્ડિયન એસોસિએશન ઓફ ગ્રેટર ઝુરિએ તેમને ત્રીજા વર્ષે પણ પ્રમુખપદ આપવા તત્પરતા દેખાડી હતી જેનો તેમણે વિવિકેપૂર્ણરીતે અસ્વીકાર કર્યો છે. અંકિતા ઠાકર ગુજરાતમાં પણ તેમની આર્કિટેક્ચર કંપની ચલાવે છે અને હાલ તેઓ ગાંધીનગર ખાતે આવેલા છે અને કહે છે કે "આખરે તો હું ભારતીય છું અને અંદરથી સંપૂર્ણ પણે દેશી છુ."

ભારત અને સ્વીટ્ઝરલેન્ડ બંનેમાં કંપની સ્થાપી

અંકિતા ઠાકરના પિતા પિયુષ ઠાકર વકીલ હોવા સાથે સુવિખ્યાત જ્યોતિષ છે જ્યારે માતા સંગીતા ઠાકર બાળકો માટે કોચીંગ ક્લાસ ચલાવે છે. અંકિતા સ્વીટઝરલેન્ડ ઉપરાંત ભારતમાં પણ વ્યવસાય કરે છે. તેઓનું મુખ્ય કામ લેન્ડસ્કેપિંગ ઉપરાંત ભારતમાં પણ વ્યવસાય કરે છે. તેઓનું મુખ્ય કામ લેન્ડસ્કેપિંગ એટલે કે ખાનગી બગીચા વિકસાવવાનું છે અંતર્ગત ગોદરેજ પરિવારના દિકરી નાત્યા દુભાષથી માંડીને અનેક કોર્પોરેટ અગ્રણીઓના કામ કરી ચુક્યાં છે. તેઓ સ્વીટ્ઝરલેન્ડમાં લિન્ટ એન્ડ સ્પ્રુન્ગ્લી ચોકલેટ મ્યુઝિયમથી માંડીને અનેક પાર્કનું ડિઝાઈન કરી ચુક્યા છે.

ઉત્તરાયણ પર્વ નિમિત્તે ધર્મપ્રેમી તેમજ જીવદયા પ્રેમીલોકો દ્વારા દાન પુણ્યની પ્રવૃત્તિ થતી હોય છે. જેમાં ચિલોડા ગ્રામજનોએ ફંડ ફાળો એકત્ર કરી રામજી મંદિરના પટાંગણમાં શ્રમ યજ્ઞ કરી કૂતરાઓ માટે ૩૦૦ કિલો લાડુ બનાવી મિષ્ઠાન જમાડયું હતું. ૨૦ વર્ષથી ગામના જીવદયાપ્રેમીઓએ આ દાનપુણ્યની પરંપરાને જાળવી રાખી છે જેમાં ગાયો માટે પુળાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ગ્રામજનોએ ગામની શેરીઓ અને અન્ય ઠેકાણે રખડતા કૂતરાઓને જમાડયા હતા તો ગાંધીનગરના સરગાસણની શ્રી શરણમ સોસાયટીના રહીશોએ પણ ચાલુ વર્ષ આ પર્વ નિમિત્તે ૧૫ કિલો જેટલા લાડુ બનાવી આજુબાજુ રખડતા કુતરાઓને ખવડાવ્યા હતા. રાત્રિએ સોસાયટીની મહિલાઓ અને પુરુષોએ એકત્ર થઈ આ દાન-પુણ્યની પ્રવત્તિને હોંશભેર સ્વીકારી અબોલ જીવોને પૌષ્ટિક આહાર મળી રહે તેવી વ્યવસ્થા કરી હતી. આમ હળહળતા કળિયુગમાં પણ દાન પુણ્યની આ ધાર્મિક પ્રવૃત્તિઓનો મહિમા હજુ પણ થઈ રહ્યો છે તે ભગવાન પ્રત્યેની આસ્થાનું પ્રતિબિંબ મનાઈ રહ્યું છે.

કડી કેમ્પસના ૧૭૪૪ વિદ્યાર્થીઓને ૧.૨૭ કરોડની સ્કોલરશીપ એનાયત કરી

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પૂર્વ ચેરમેન માણેકલાલ એમ. પટેલની સાતમી પુણ્યતિથિ નિમિત્તે કડી-ગાંધીનગરના ૧૭૪૪ વિદ્યાર્થીઓને ૧.૨૭ કરોડની સ્કોલરશીપ એનાયત એ.એચ. મલ્ટીપલ ઈન્ડોર સ્ટેડિયમ હોલ, કડી કેમ્પસ, કડી મુકામે સવારે ૯ કલાકે વિદ્યાર્થીઓને ટ્રસ્ટી મંડળના સભ્યો, સહિત દાતાઓના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

વર્તમાન ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલના સ્મૃતિમાં ૧૨ જાન્યુઆરી ૨૦૧૩ પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે "માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ સ્કોલરશીપ" તેમની સ્મૃતિમાં યોજવામાં આવે છે. આ દિવસે વિદ્યાર્થીઓને સંસ્થાના ટ્રસ્ટીઓ અને દાતાઓના હસ્તે વિદ્યાર્થીઓને સ્કોરશીપ એનાયત કરાય છે. આ સ્કોલરશીપને બે ભાગમાં વહેંચવામાં આવી છે. જેમાં મેરીટ આધારીત વિદ્યાર્થીઓને માણેકલાલ એમ. પટેલ મેમોરીયલ મેરીટ સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે. જેની સંખ્યા આ વર્ષે ૮૪૪ છે. જ્યારે આર્થિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓને માણેકલાલ એમ. પટેલ મીન્સ સ્કોલરશીપના નામે તેમને આર્થિક સહાયરૂપે (ફી માફી) સ્કોલરશીપ એનાયત કરવામાં આવે છે. મીન્સ સ્કોલરશીપ વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦૦ છે. જેમને ઉપસ્થિત દાતાઓ હસ્તે સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

દાતાઓમાં વિષ્ણુભાઈ પટેલે માણેકલાલ પટેલને યાદ કરતાં જણાવ્યું હતું કે, માણેકલાલ હંમેશા કહેતાં કે દાન આપવું હોય તો શિક્ષણક્ષેત્રમાં આપવું. સમાજ-દેશને ઘડવામાં સહાયક બને છે. જેનું ફળ પેઢી દર પેઢી મળે છે.

જ્યારે ભગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આવી પહેલી ખાનગી સંસ્થા હશે જે વિદ્યાર્થીઓના હીતને ધ્યાને રાખીને કામગીરી કરે છે. છેલ્લા સાત વર્ષથી મોટી રકમ વિદ્યાર્થીઓ માટે ફાળવે છે. અમને ગર્વ છે કે અહીંના વિદ્યાર્થી સંસ્થા તથા શિક્ષણનું ઋણ અદા કરે છે.

કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, સંસ્થાની સ્થાપનાથી સ્વીકારે છે કે, "શિક્ષણ જ સાચી સેવા છે." તથા છગનભા દ્વારા આપવામાં આવેલ "કર ભલા હોગા ભલા" સૂત્રને સાર્થક કરવામાં સંસ્થાના દરેક ટ્રસ્ટી મંડળના સભ્યો, સહિત શિક્ષકો અથાગ પ્રયાસ કરે છે. પૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાશ્રીઓ દ્વારા સંસ્થાના વિચારની પૂર્તિ કરવામાં પાછીપાની કરતાં નથી.

વધુમાં તેઓએ સ્કોરલરશીપ મેળવનાર વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કહ્યું હતું કે, સ્કોલરશીપ મેળવનાર વિદ્યાર્થીની આજથી જવાબદારી બમણી થાય છે. આ સાથે સમાજની અપેક્ષા તમારાથી ઘણી વધે છે. જેને પૂર્ણ કરવા હવે તમારે વધુ મહેનત કરવાની રહેશે. પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલને યાદ કરતાં કહ્યું હતું કે, એમનાં વિચારોને ચરિતાર્થ કરવા એ જ સાચી શ્રદ્ધાંજલિ છે.

આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલયના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ, દાતાઓમાં ભગુભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, જોસેફ (જયંતિભાઈ પટેલ), ભરતભાઈ પટેલ, પદ્માબેન પટેલ, તારાબેન પટેલ, રસિકભાઈ પટેલ, ગૌતમભાઈ પટેલ, ચીમભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, રમેશભાઈ શાહ, પ્રભુદાસભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, ગીતાબેન પટેલ, બંસીભાઈ ખમારી વગેરે સહિત સેક્રેટરીઓ, ટ્રસ્ટ્રી મંડળના સભ્યો, દાતાઓ, આચાર્ય, શિક્ષકો, કર્મચારીગણ સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.